## સંક્ષિપ્ત સમાચાર

### કાલોલ ખાતે રાષ્ટ્રીય ડૉક્ટર દિવસે તાલુકા આયુષ ડૉક્ટર એસોસિએશન દ્વારા ઉજવણી કરાઇ



**કાલોલ :** તારીખ ૧ જુલાઈ એટલે રાષ્ટ્રીય ડોક્ટર દિવસ બંગાળના પૂર્વ મુખ્યમંત્રી અને પ્રખ્યાત ચિકિત્સક ડો. બિધાનચંદ્ર રોયની જન્મજયંતી નિમિત્તે સમગ્ર દેશમાં ડોક્ટર દિવસ ઉજવાય છે. આ દિવસની ઉજવણી અંતર્ગત કાલોલ તાલુકા આયુષ ડોક્ટર એસોસિએશન દ્વારા કરવામાં આવી હતી.આ પ્રસંગે જિલ્લા ભાજપમાં ડો. યોગેશ પંડ્યાની જિલ્લા ઉપાધ્યક્ષ તરીકે અને ડો. સુનિલ પરમારની એસ.સી. મોરચા ખજાનચી તરીકે નિમણૂંક થતા બંનેનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. જ્યાં કાર્યક્રમમાં રેડક્રોસ સોસાયટી કાલોલના ચેરમેન સતીષભાઈ શાહ, બાયો મેડિકલ વેસ્ટના મૂકેશભાઈ તેમજ રેડ ક્રોસ સોસાયટી દ્વારા પણ ડોક્ટરોનું સન્માન કરાયું હતું.

### જાંબુઘોડા ખાતે સુબ્રતો ફૂટબોલ ટુર્નામેન્ટમાં બોરુ રિફાઈ પબ્લિક સ્કૂલની ગર્લ્સ અને બોયઝ ટીમ ચેમ્પિયન



**કાલોલ :** પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા ખાતે આવેલી ડોન બોસ્કો સ્કૂલમાં આયોજિત જિલ્લા કક્ષાની સુબ્રતો મુખર્જી ફૂટબોલ ટુર્નામેન્ટમાં કાલોલ તાલુકાના બોરુ ગામની રિફાઈ પબ્લિક સ્કૂલે શાનદાર દેખાવ કર્યો છે.અને બોરુ રીફાઇ પબ્લિક શાળાની અંડર-17 ગર્લ્સ અને અંડર-15 બોયઝ બંને ટીમોએ પોતપોતાના ગ્રુપમાં ચેમ્પિયનશિપ મેળવી ડબલ ધમાકો કર્યો છે. ફાઇનલ સુધીના સફરમાં રિફાઈ પબ્લિક સ્કૂલે હાલોલની વી.એમ. સ્કૂલ, ડી.પી.એસ. ગોધરા, ભક્ત સ્કૂલ બોડેલી, ઘોઘંબાની એકલવ્ય સ્કૂલ અને એમ.જી.એમ. હાલોલ જેવી મજબૂત ટીમોને હરાવીને ખિતાબ કબજે કર્યો હતો અને ખેલાડીઓના ઉત્કૃષ્ટ દેખાવ અને કોચ કિરણ સોલંકી ના માર્ગદર્શનથી શાળાએ જિલ્લા કક્ષાએ નામ રોશન કર્યું છે.

### યુક્રેનના દૂતાવાસના મિનિસ્ટર-કાઉન્સેલર આર્ટેમ નોસ્કોના નેતૃત્વમાં પ્રતિનિધિ મંડળે પાવાગઢમાં દર્શન કર્યા



**હાલોલ :** યુક્રેનના દૂતાવાસના મિનિસ્ટર-કાઉન્સેલર ના નેતૃત્વમાં આવેલા પ્રતિનિધિમંડળે સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ની તા.30 જૂન મંગળવારના રોજ મુલાકાત લીધી હતી. પ્રતિનિધિમંડળે માતા શ્રીમહાકાળીના દર્શન-પૂજન કરીને દેશ-દુનિયામાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી આશીર્વાદ મેળવ્યા હતા.મંદિરની પરંપરા અનુસાર યુક્રેનના દૂતાવાસના મિનિસ્ટર-કાઉન્સેલર આર્ટેમ નોસ્કો તથા તેમના પત્નીએ માતાજીના શિખર પર પવિત્ર ધજાનું આરોહણ કર્યું હતું. આ પ્રસંગે મંદિર ટ્રસ્ટના હોદ્દેદારો અને સ્થાનિક આગેવાનોએ તેમનું સ્વાગત કર્યું હતું.

### લુણાવાડાની સરસ્વતી વિદ્યાલય લકડીપોયડા ખાતે 'ડિજિટલ હયાતી ખરાઈ (DLC)' કેમ્પ યોજાયો



**દાહોદ :** મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકામાં આવેલી સરસ્વતી ઉત્તર બુનિયાદી વિદ્યાલય, લકડીપોયડા ખાતે જિલ્લા સમાજ સુરક્ષા કચેરીના વિશેષ સહયોગથી એક અગત્યના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. લાલસર ક્લસ્ટરમાં ધોરણ ૧ થી ૧૨માં અભ્યાસ કરતા દિવ્યાંગ બાળકો તેમજ આજુબાજુના ગામોના વિધવા પેન્શન અને વૃદ્ધ પેન્શન મેળવતા લાભાર્થીઓ માટે બાયોમેટ્રિક પદ્ધતિ દ્વારા 'DLC (ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ) - ડિજિટલ હયાતીની ખરાઈ' કરવા માટેનો વિશેષ કેમ્પ યોજાયો હતો.

### ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીની જન્મજયંતી નિમિત્તે કાલોલમા રક્તદાન શિબિર યોજાઇ



**કાલોલ :** કાલોલ નગર ભારતીય જનતા પાર્ટી યુવા મોરચા તેમજ પોલિકેબ સોશિયલ વેલ્ફેર ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે ઇન્દુ બ્લડ બેન્કના સહયોગ દ્વારા જનસંઘના સ્થાપક ડો. શ્યામાપ્રસાદ મુખર્જીની જન્મજયંતીની ઉજવણી સેવાકાર્ય થકી કરવામાં આવી. આ નિમિત્તે આજ રોજ કાલોલ નગરપાલિકા સભાખંડમાં ભવ્ય રક્તદાન શિબિરનું આયોજન કરાયું હતું. જ્યાં સવારે ૧૧ થી બપોરે ૩ વાગ્યા સુધી ચાલેલી આ શિબિરમાં "એક બોટલ લોહી કોઈનું જીવન બચાવી શકે છે" ના સૂત્રને સાર્થક કરતા મોટી સંખ્યામાં લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

---

**દાહોદ જિલ્લામા મહિલા મજલી નવજાત બાળકને ત્યજી દેવાનો કિસ્સો**

## સંજેલી કોર્ટે કુંવારી માતાને દોષિત ઠેરવી ૩ વર્ષની સાદી કેદની સજા ફટકારી

(પ્રતિનિધિ) દાહોદ, તા.2 જાન્યુઆરી 2022માં સંજેલી વિસ્તારના એક ખેતરમાંથી અંદાજે 15 દિવસના નવજાત સંભળાતા ગ્રામજનો ત્યાં દોડી ગયા હતા. બાળકને તાત્કાલિક બચાવી પોલીસને સોંપ્યો હતો. બાળકના હોઠમાં જન્મજાત ખામી હોવાનું પણ સામે આવ્યું હતું. પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે સંજેલી તાલુકાના 1 ગામની યુવતી પ્રેમસંબંધના કારણે ગર્ભવતી બની હતી. હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં 6 જાન્યુઆરી 2022ના રોજ તેણે સીઝેરિયન ઓપરેશન દ્વારા બાળક ને જન્મ આપ્યો હતો. જન્મ બાદ બાળકને સારવાર માટે હોસ્પિટલમાં રાખવામાં આવ્યો હતો. આ યુવતીએ બાળકને પાછું લેવાની કોઈજ ટ્રાયલ કર્યો નહીં પ્રેમીનો ઈનકાર, કોર્ટમાં પ્રેમીએ સ્વીકાર્યું કે લગ્ન પહેલાં શિલ્પાબેન તેના સંબંધથી ગર્ભવતી બની હતી અને બાળક તેનો જ હતો. પરંતુ બાળકના જન્મ સમયે સગાઈ સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો. જુબાની અનુસાર મામલો પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યા બાદ બંને ગામોના પંચો ભેગા થયા હતા અને ત્યાં 70 હજાર રૂપિયામાં નિકાલ' કરવામાં આવ્યો હતો. સૌથી રસપ્રદ વળાંક એ છે કે જે પ્રેમીએ શરૂઆતમાં બાળક સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો, તેણે બાદમાં એ જ યુવતી સાથે લગ્ન કરી લીધા હોવાનું કોર્ટમાં સ્વીકાર્યું હતું. આમ, પ્રેમસંબંધથી શરૂ થયેલી આ કહાની ગર્ભાવસ્થા, બાળકના ત્યાગ, પંચાયતના સમાધાન અને અંતે લગ્ન સુધી પહોંચી હતી પરંતુ નવજાતને ત્યજી દેવાના ગુનામાં કોર્ટે માતાને દોષિત ઠેરવી સજા ફટકારી છે. બાળક પાછું લેવા માતાએ કોઈ જ કાર્યવાહી ન કરી ચૂકાદામાં નોંધાયેલા તથ્યો મુજબ નવજાત બાળક ખેતરમાંથી મળી આવ્યા બાદ તેને પોલીસ, બાળ કલ્યાણ સમિતિ અને સરકારી તંત્રની સંભાળમાં સોંપ્યો હતો. તપાસ દરમિયાન માતાની ઓળખ સ્થાપિત થઈ અને DNA રિપોર્ટથી બાળક તેનો જ હોવાનું પણ સાબિત થયું હતું. DNA પુરાવાઓને આધારે કોર્ટે માતાને ભારતીય દંડ સંહિતાની કલમ-317 હેઠળ દોષિત ઠેરવી ત્રણ વર્ષની કેદની સજા ફટકારી હતી. કેસ નોંધાયા બાદ 4 વર્ષથી વધુ સમય સુધી ચાલેલી કોર્ટમાં રજૂ થયેલા તબીબી રેકોર્ડ, સાક્ષીઓની જુબાની અને સુનાવણી બાદ આ ચૂકાદો જાહેર થયો છે.

---

**માનવસેવામાં ડૉક્ટરોના અમૂલ્ય યોગદાન**

## ડૉક્ટર્સ ડે નિમિત્તે રોટરી ક્લબ ઓફ સ્માર્ટ સિટી દાહોદ દ્વારા ડૉક્ટરોનું કરાયું સન્માન

કાર્યક્રમમાં ડોક્ટર્સડેના મહત્વ અંગે વિચારો વ્યક્ત કરવામાં આવ્યા હતા

(પ્રતિનિધિ) દાહોદ, તા.3 દાહોદ, રાષ્ટ્રીય ડૉક્ટર્સ ડે નિમિત્તે રોટરી ક્લબ ઓફ સ્માર્ટ સિટી દાહોદ દ્વારા આરોગ્ય સેવાઓમાં નોંધપાત્ર યોગદાન આપનાર ડૉક્ટરોના સન્માનનો કાર્યક્રમ યોજાયો હતો.કાર્યક્રમ દરમિયાન જિલ્લા રક્તપિત અધિકારી ડૉ. આર.ડી.પહાડિયા, તાલુકા હેલ્થ ઓફિસરશ્રી ભગીરથ બામણિયા, મેડિકલ ઓફિસર ડૉ. અલ્પના જૈન, મેડિકલ ઓફિસર ડૉ. શોભના મુનિયા, ત્વિશાં ચિલ્ડ્રન હોસ્પિટલના ડૉ. કલ્પેશ બારિયા તેમજ નિવૃત્ત ડૉ. અમરસિંહ ચૌહાણ સહિત ઉપસ્થિત ડૉક્ટરોનું શાલ ઓઢાડી અને પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડૉક્ટર્સડેના મહત્વ અંગે વિચારો વ્યક્ત કરવામાં આવ્યા હતા. તથા સમાજના આરોગ્ય રક્ષણ અને માનવસેવામાં ડૉક્ટરોના અમૂલ્ય યોગદાનને બિરદાવતાં તેમને અભિવાદન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં રોટરી ક્લબ ઓફ સ્માર્ટ સિટી દાહોદના પ્રમુખ હસમુખભાઈ અગ્રવાલ, સેક્રેટરી વિરેન્દ્રભટ્ટનાગર, સભ્યો સહિત રોટરી ક્લબના સભ્યો તેમજ આરોગ્ય વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

**પાલિકા તંત્રનું સૂચક મૌન મોટો અકસ્માત નોતરે તો નવાઇ નહિ**

## દે બારિયામા ફાયર સેફ્ટીના નિયમોનું ઉલ્લંઘન, તપાસ કરી કાર્યવાહી કરવા માગ

કેટલાક શોપિંગ સેન્ટરોમાં જે ફાયર સેફ્ટીના સાધનો લગાવ્યા છે, તે પણ એક્સપાયરી ડેટના હોવાનું જાણવા મળ્યુ છે

(પ્રતિનિધિ) દાહોદ, તા.2 દેવગઢબારીઆ અને પીપલોદ નગરના બજારોમાં છેલ્લા કેટલાક સમયથી ઘણા નવા બાંધકામ થયા છે, તેમજ મોટા શોપિંગ સેન્ટરો બની ગયા છે. જેની બાંધકામ પરમિશન સમયે જ જવાબદાર અધિકારી દરેક કાયદાકીય નિયમોની જાણકારી પણ આપતાં હોય છે. છતાંય પીપલોદ અને દેવગઢબારીઆ શહેરના મોટાભાગના શોપિંગ સેન્ટરોમાં ફાયર સેફ્ટીના સાધનોનો અનેક પ્રાથમિક શાળાઓમાં પણ ફાયર સેફ્ટીના સાધનોનો અભાવ કેટલાક ગામોની પ્રાથમિક શાળામાં સરકાર દ્વારા લાખ્ખો રૂપિયાના ખર્ચે અધતન સુવિધા સાથે મધ્યાહન ભોજનના બાંધકામ થઈ રહ્યા છે. પરંતુ કેટલીયે શાળાઓમાં ફાયર સેફ્ટીની સુવિધા ઉપલબ્ધ કરાઈ નથી. તેમજ જે શાળામાં ફાયર સેફ્ટીની સુવિધા છે, ત્યાં આ સાધનોના ઉપયોગ વિશે કેન્દ્રના સંચાલક, રસોઈયા કે હેલ્પરને કોઈ જાણકારી પણ નથી. સરકારી તંત્ર દ્વારા મોલ, હોસ્પિટલ, ખાનગી અને સરકારી શાળાઓ,સરકારી વસાહતો, સોસાયટી વિસ્તાર, બેંક, ગીચ વસ્તી ધરાવતા કોમ્પ્લેક્સ અને શોપિંગ સેન્ટર વિગેરે જગ્યાએ ફાયર સેફ્ટીની સુવિધા ફરજિયાત કરાઈ છે. તેમજ ફાયર એનઓસી નહીં હોય ત્યારે તંત્ર દ્વારા નોટિસ આપી બંધ કરાયા છે. પરંતુ સરકાર દ્વારા જ ચાલતા આ મધ્યાહન ભોજનના કેટલાય કેન્દ્રમાં ફાયર સેફ્ટીનો અભાવ જોવા મળે છે. આખો દિવસ બજારો માં અને શોપિંગ સેન્ટરમાં ગ્રાહકોની ભીડ હોય છે, આવા સમયે ક્યાંક આગનો બનાવ બને ત્યારે મોટી જાનહાની થવાની પુરી શક્યતા રહેલી છે.

---

**ગ્રામજનોએ સર્વાનુમતે ઠરાવ પસાર કર્યો**

## દાહોદના છાયણ ગામમાં GIDCના સંભવિત પ્રોજેક્ટના વિરોધમાં ગ્રામસભા યોજાઈ

જો GIDC માટે જમીન સંપાદનની કાર્યવાહી કરવામાં આવશે તો તેઓ ઉગ્ર આંદોલનનો માર્ગ અપનાવશે



(પ્રતિનિધિ) દાહોદ, તા.2 દાહોદ જિલ્લાના છાયણ ગામે GIDCના સંભવિત પ્રોજેક્ટના વિરોધમાં વિશેષ ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગામના સર્વે નંબર ૩૮/૪ની સરકારી પડતર જમીન પર GIDC સ્થાપવાની શક્યતાને લઈને ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.છાયણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે તલાટી તથા સરપંચની ઉપસ્થિતિમાં એક મુદ્દાની વિશેષ ગ્રામસભા યોજાઈ હતી. ગ્રામસભામાં મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા અને પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. ગ્રામજનોએ જણાવ્યું હતું કે, અગાઉ માછળનાળા જળાશય, કાળીડેમ, દિલ્હી-મુંબઈ કોરિડોર હાઈવે, ડોમેસ્ટિક એરપોર્ટ અને રેલવે લાઈન જેવા વિવિધ વિકાસ પ્રોજેક્ટોના કારણે વિસ્તારની જમીનો પ્રભાવિત થઈ ચૂકી છે. હવે હુઝ માટે પણ જમીન સંપાદનની શક્યતાઓને લઈને લોકોમાં ચિંતા અને અસંતોષનો માહોલ છે. ગ્રામસભામાં ચર્ચા-વિચારણા બાદ ઉપસ્થિત ગ્રામજનોએ સર્વાનુમતે હુઝના સંભવિત પ્રોજેક્ટનો વિરોધ કરવાનો ઠરાવ પસાર કર્યો હતો ગ્રામજનોએ સ્પષ્ટ જણાવ્યું હતું કે, તેમની લાગણીઓ અને રજૂઆતોને અવગણીને જો GIDC માટે જમીન સંપાદનની કાર્યવાહી કરવામાં આવશે તો તેઓ ઉગ્ર આંદોલનનો માર્ગ અપનાવશે.

---

**ગોધરા-અમદાવાદ હાઇવે પર વિકાસની ગતિ તેજ બનશે**

## ૩૬૩ કરોડના ખર્ચે બની રહેલા RCC રોડની કામગીરીનું રાજ્યસભાના સાંસદ ડૉ. જશવંતસિંહ પરમારે નિરીક્ષણ કર્યું

(પ્રતિનિધિ) ગોધરા, તા.2 અમદાવાદ અને ગોધરાને જોડતા નેશનલ હાઈવે 47ની બિસ્માર હાલતથી વાહનચાલકોને પડતી મુશ્કેલીઓનો કાયમી ઉકેલ લાવવા હાલ 363 કરોડના ખર્ચે RCC રોડની કામગીરી ચાલી રહી છે. લાડવેલથી પંચમહાલના વાવડી ટોલ પ્લાઝા સુધીના 45 કિલોમીટરના આ પ્રોજેક્ટની કામગીરી અને તેની ગુણવત્તા ચકાસવા માટે રાજ્યસભાના રાજ્યસભાના સાંસદ ડૉ. જશવંતસિંહ પરમારે જાતે સાઈટની મુલાકાત લીધી હતી. સામાન્ય રીતે કોઈપણ મોટા પ્રોજેક્ટમાં



રાજકીય આગેવાનો માત્ર ઉદ્ઘાટન પૂરતા આવતા હોય છે પરંતુ આ હાઈવેના નિર્માણમાં સાંસદે સીધો રસ દાખવ્યો છે. અગાઉ જ્યારે આ હાઈવે વારંવાર તૂટી જતો હતો ત્યારે તેમણે પોતાના અંગત ખર્ચે એક પ્રાઈવેટ કંપની પાસે રોડનો ટેકનિકલ સર્વે કરાવ્યો હતો અને આ રિપોર્ટ ગાંધીનગર સ્થિત નેશનલ હાઈવે ઓથોરિટીના રિજિયોનલ મેનેજર તથા કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીને સુપરત કર્યો હતો. આ રજૂઆતને પગલે કેન્દ્ર સરકારે કાયમી ઉકેલ માટે 45 કિલોમીટરના પટ્ટાને RCC થી તૈયાર કરવા 363 કરોડ ફાળવ્યા હતા. હાલમાં આ કામગીરી પૂરજોશમાં શરૂ થઈ ગઈ છે જે આગામી 18 મહિનામાં પૂર્ણ થવાની છે. કામમાં ગુણવત્તાયુક્ત મટિરિયલ વપરાય અને ટકાઉ કામગીરી થાય તે સુનિશ્ચિત કરવા સાંસદે સ્થળ પર જઈને રોડ નિર્માણનું નિરીક્ષણ કર્યું હતું.

---

## ઝાલોદ તાલુકામાં વીજલાઈનમાં ખામીથી ઘરોમાં કરંટ આવ્યો

દાહોદ : ગોવિંદ ગુરુ લીમડી તાલુકાના પેથાપુર બજાર વિસ્તારમાં તારીખ 29.6.2026 ના રોજ સાંજના સમયે ઘરોમાં દરવાજા અને જાળીઓમાં કરંટ લાગવાની ઘટના બનેલ જેમાં સ્થાનિક જાણકાર લાયટમેનને બોલાવતા તમામ જગ્યાએ કરંટ આવવાની ઘટના બનેલ સાંજના સમયે આ ઘટના બનતા ગૃહિણીઓની રસોઈ પણ બનેલ નહોતી. આ ઘટનાની જાણ થતા સ્થાનિક રહેવાસીઓ દ્વારા ઝાલોદ MGVCL માં જાણ કરતા સ્ટાફ આવી ગયેલ જેમાં તપાસ કરતા થાંભલાના વાયરો અસ્તવ્યસ્ત હતા અને એ વાયરોમાં મેનલાઈન સાથે સ્પાર્ક થતા ઘરોમાં કરંટ આવવાની ઘટના બનેલ હતી આ ઘટના જોતા વર્ષોથી પેથાપુર ગામમાં થાંભલાના વાયરોની કોઈ મેન્ટેનન્સ કરવામાં આવેલ નથી.

---

**આશ્રમશાળાના બાળકોને પુસ્તકો ભેટ આપ્યા**

## જગદીશ વિશ્વકર્માએ લીમખેડા ખાતે વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો

(પ્રતિનિધિ) લીમખેડા, તા.2 ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ આજે દાહોદ જિલ્લાના પ્રવાસ દરમિયાન લીમખેડા ખાતે આયોજિત કાર્યક્રમમાં ભાગ લીધો હતો. મોટીબાંડીબાર સ્થિત પીએમ શ્રી આદિવાસી આશ્રમશાળાની મુલાકાત લીધી હતી. પૂર્વ આયોજન વગરની આ મુલાકાતે શાળાના વાતાવરણમાં ઉત્સાહનો સંચાર કર્યો હતો શાળા પરિસરમાં પહોંચતાની સાથે જ જગદીશ વિશ્વકર્માએ આશ્રમશાળાના સંચાલન અને ત્યાં ઉપલબ્ધ સુવિધાઓ અંગે જાત-માહિતી મેળવી હતી. આ મુલાકાત દરમિયાન



તેમણે શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને બાલિકાઓ સાથે ખૂબ જ આત્મીયતાથી સંવાદ કર્યો હતો. આ તકે વિદ્યાર્થીઓના ઉત્સાહમાં વધારો કરવા માટે તેમણે બાળકોને શૈક્ષણિક પુસ્તકો ભેટ સ્વરૂપે અર્પણ કર્યા હતા અને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

---

**ગરબાડામાં અઢી ઇંચ, તેમજ ફતેપુરામાં એક ઇંચ વરસાદથી રાહત**

## દાહોદ-ગરબાડા પંથકમાં વીજળીના કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદ

**હવામાનમાં** આવેલા આ બદલાવથી લોકોને ગરમી અને ઉકળાટમાંથી રાહત મળી છે

(પ્રતિનિધિ) દાહોદ, તા.2 દાહોદ જિલ્લામાં આખરે મોડે મોડે મેઘરાજાએ અમીદ્રષ્ટિ કરતા પંથકમાં વરસાદી માહોલ જોવા મળ્યો હતો. વહેલી સવારથી જ વાદળછાયા વાતાવરણ વચ્ચે ગરબાડા, ફતેપુરામા વીજળીના કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. જેના પગલે ભારે વરસાદના કારણે અનેક વિસ્તારોમાં રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા હતા, જ્યારે લાંબા સમય બાદ વરસાદ વરસતા ખેડૂતો



અને સ્થાનિકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. દાહોદ શહેરમાં પણ સાંજના સમયે વરસાદી છાંટા નોંધાયા હતા. ગરબાડા તાલુકામાં ગોદરૂ બેસવાના બે દિવસ બાદ બડવા દ્વારા કરવામાં આવેલી વરસાદની આગાહી સાચી ઠરી હોય તેવું દ્રશ્ય જોવા મળ્યું. આગાહીના બે દિવસ બાદ ગરબાડા પંથકમાં વીજળીના કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. ગરબાડા ઉપરાંત નવાગામ, ગુગરડી, નળવાય સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં પણ સારો વરસાદ નોંધાયો હતો. વીજળીના કડાકા-ભડાકા સાથે વરસેલા ધોધમાર વરસાદને કારણે મુખ્ય માર્ગો અને બજાર વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા.રસ્તાઓ પર પાણી ભરાતા વાહનચાલકોને અવરજવરમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. બીજી તરફ વરસાદથી ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો, જ્યારે લોકો પણ વરસાદની મજા માણતા નજરે પડ્યા હતા. આ સિવાય ગુરુ ગોવિંદ લીમડી તાલુકામાં પણ બપોરના સમયે હળવો વરસાદી ઝાપટો નોંધાયો હતો. સાથે સાથે દાહોદ શહેરમાં પણ વરસાદી છાંટા પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. હવામાનમાં આવેલા આ બદલાવથી લોકોને ગરમી અને ઉકળાટમાંથી રાહત મળી છે, જ્યારે ખેડૂતોને સારા વરસાદથી આગામી ખેતી માટે આશા જાગી છે. દાહોદ જિલ્લામાં આજરોજ પડેલા વરસાદમાં ગરબાડા તાલુકામાં સૌથી વધારે 68 મી.મી. તેમજ ફતેપુરામાં 27 મીલીમીટર વરસાદ વરસ્યો તો આ સિવાય અને તાલુકા મથકોમાં સરેરાશ બે થી પાંચ મિલીમીટર વરસાદ નોંધાયા હોવાનું સામે આવ્યું છે.

---

**માનવતાને શરમાવે તેવી એક ઘટના**

## 13 વર્ષની સગીર પુત્રી પર દુષ્કર્મના આરોપમાં પિતાની ધરપકડ

**સગીરાને** પણ તબીબી તપાસ માટે વડોદરા હોસ્પિટલે મોકલવામાં આવી હતી

(પ્રતિનિધિ) દાહોદ, તા.2 ડેસર તાલુકામાં માનવતાને શરમાવે તેવી એક ઘટના સામે આવી હતી. 13 વર્ષની સગીર પુત્રી પર બળજબરીપૂર્વક દુષ્કર્મ આચરવાના આરોપમાં ડેસર પોલીસે હવસખોર પિતાની ધરપકડ કરી છે. પ્રાપ્ત માહિતી મુજબ, સગીરાની માતાએ ડેસર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગણતરીના કલાકોમાં જ આરોપીને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ફરિયાદમાં આરોપ છે કે પિતાએ પોતાના જ ઘરમાં સગીર પુત્રી સાથે બળજબરીપૂર્વક દુષ્કર્મ આચર્યું હતું. ડેસર પોલીસે તેની ધરપકડ કરીને તેને વડોદરા ખાતેની એસએસજી હોસ્પિટલે મેડિકલ કરાવવા માટે લઈ જવાયો હતો આ મામલે પોલીસે ભારતીય ન્યાય સંહિતા હેઠળ ગુનો નોંધી, પોક્સો એક્ટની કલમ 3(એ), 4, 5(એન) અને 6 હેઠળ પણ કાર્યવાહી શરૂ કરી છે. સગીરાને પણ તબીબી તપાસ માટે વડોદરા હોસ્પિટલે મોકલવામાં આવી હતી અને સમગ્ર મામલે પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે.

આમ પોલીસની આ કડક કાર્યવાહીના પગલે ગુનાખોરોમાં ફફડાટની એક લાગણી વ્યાપી ગયેલી જોવા મળી રહી હતી.